ઈન્કવાયરી નંબર.૧૫૦/૨૦૨૬

# –: આંક : ૦૧ હેઠળ હુકમ :–

હાલની ફરીયાદ દાખલ થતા ફરીયાદ તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા રજુ થયેલ પુરાવાનું સોગંદનામુ ઘ્યાને લેતા આ કામે ફરીયાદી તરફે જે આરોપી દર્શાવેલ છે તે આરોપી અત્રેની કોર્ટ કલોલ ની હકુમતની બહારનાં રહેવાસી હોય , નામદાર સુપ્રીમ કોર્ટ ઘ્વારા સુઓમોટો રીટ પીટીશન ( સી.આર.એલ ) નં. ૨/૨૦૨૦, તા.૧૬/૦૪/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ હુકમ મુજબની પેરા – ૨૪(૨) ની ગાઈડલાઈન મુજબ હાલનાં આરોપી કલોલ કોર્ટની હકુમતનાં ક્ષેત્રાધીકાર (બીયોન્ડ ટેરીટોરીયલ જયુરીડીકશન ) નાં બહારનાં રહેવાશી હોય હાલની ફરીયાદ ઈન્કવાયરીનાં કામે રાખવામાં આવેલી.જે ફરીયાદનાં અનુસંધાને ફરીયાદી ઘ્વારા હાલની ઈન્કવાયરીનાં કામે સોગંદનામુ રજુ રાખવામાં આવેલુ જે સોગંદનામુ વંચાણે લેતા ફરીયાદ મુજબની હકીકતો જણાવવામાં આવેલી અને આ કામનાં આરોપી સાથે તેમને કાયદેસરનો વ્યવહાર હોવાની હકીકતો જણાવેલી છે.જે પ્રથમ દર્શનીય રીતે ઉચીત હોવાનું જણાઈ આવે છે. આ કામે ફરીયાદની સાથે રજુ થયેલા દસ્તાવેજો જોતાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુ. એકટ ની કલમ – ૧૪૨(૨) વંચાણે લેતા, અત્રેની કોર્ટને ઉપરોકત ફરીયાદ લગત કોગ્નીજન્સ (સંજ્ઞાન) લેવાની હકુમત રહેલી છે. વધુંમાં , ઉપર જણાવેલ નામ. સુપ્રિમ કોર્ટનાં હુકમની ગાઈડલાઈન મુજબ ફરીયાદ સી.આર.પી.સી કલમ – ૨૦૦ મુજબ થતા જો સી.આર.પી.સી કલમ – ૨૦૨ મુજબ કોર્ટને સફીસીયન્ટ કોઝ (યોગ્ય કારણ) જણાય આવે તો સી.આર.પી.સી ની કલમ – ૨૦૪ મુજબ આરોપીની સામે સમન્સ કાઢી શકાય અને જો કોર્ટને યોગ્ય કારણ ન જણાય આવે તો સી.આર.પી.સી ની કલમ – ૨૦૩ હેઠળ ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરી શકે. હાલની ફરીયાદ , ફરીયાદની સાથે રજુ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની ઈન્કવાયરીનાં તબકકે રજુ રાખવામાં આવેલ સોગંદનામાંની હકીકતો જોતા તથા નેગો. ઈન્સ. એકટની કલમ – ૧૩૮ તથા ૧૪૨(૨) મુજબ આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવે છે તથા સાથે–સાથે સી.આર.પી.સી ની કલમ – ૨૦૨ તથા ૨૦૪ વંચાણે લેતા હાલનાં ફરીયાદનાં કામે દર્શાવેલ આરોપી સામે સી.આર.પી.સી ની કલમ – ૨૦૪ હેઠળ પ્રોસેસ ઈશ્યુ કરવા ન્યાયોચીત જણાતું હોય. જેથી ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: **હુકમ** ::

સદરહું **ઈન્કવાયરી નંબર.૧૫૦/૨૦૨૬** ને ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લેવા હુકમ કરવામાં આવે છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનાં ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપી વિરુઘ્ધ પ્રથમ દર્શનીય ગુન્હો જણાતો હોય , ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ – ૨૦૪ મુજબનો સમન્સ **મુદત તારીખ ૧૦/૦૭/૨૦૨૬** નો ઈસ્યુ કરવો અને હાલની ઈન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૬ નાં રોજ મારી સહી કરી આપીને હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કલોલ.
તા.૦૨/૦૬/૨૦૨૬

એડીશનલ ચીફ મેજીસ્ટ્રેટ,કલોલ
(કોડ નં. જી જે ૦૧૧૮૪)